ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ – ભુજ કચ્છ.
Email-coe@kskvku.ac.in

ફોન નં.: ૨૩૫ ૦૩૫
web: kskvku.ac.in

તા.:

## રદ થયેલ ઉતરવહી/પસ્તીના પલ્પીંગ ભાવ આપવા અંગેનું અરજીપત્રક

(ભાવપત્રક મોકલવાની છેલ્લી તારીખ ૨૬/૦૭/૨૦૨૪, સાંજે ૪:૦૦ કલાક સુધી)

પાર્ટીનુંનામ: ..........................................................................

સરનામું : ..........................................................................

મો. નં. : ..........................................................................

| ક્રમ | વિગત | ભાવ (૧ કિ.ગ્રા. દીઠ + જી.એસ.ટી સાથે) | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | રદ ઉત્તરવહી | | |
| ૨ | મીકસ પસ્તી | | |
| ૩ | વર્તમાનપત્રો | | |
| ૪ | નોટ બુક/ચોપડી | | |
| ૫ | પુઠા | | |
| ૬ | અન્ય | | |

### –: શરતો :–

૧. ભાવપ્રત્રકની સાથે રૂા.૬૦૦/– ટેન્ડર ફી તથા રૂા.૨૦,૦૦૦/– ટેન્ડર ડીપોઝીટ રોકડે/ડીમાન્ડ ડ્રાફટથી ભર્યાની પહોંચ રજુ કરવાની રહેશે.

૨. આ સાથે રદ થયેલ ઉતરવહીના ભાવો સ્પષ્ટ દર્શાવવાના રહેશે. શરતી ભાવો/ ટેન્ડર મંજુર કરવામાં આવશે નહિ.

૩. પાર્ટી દ્વારા અધુરી વિગતો કે રકમનો સમાવેશ નહિ હોય અથવા ઉપરોકત વિગતોવાળા ન હોય, છેકછાક વાળા કે સમય મર્યાદા બાદ આવેલ ભાવપત્રકો રદ ગણાશે.

૪. પાર્ટી દ્વારા ભાવ સીલબંધ કવરમાં રજીસ્ટર્ડ એ.ડી. થી અને કવર પર સ્પષ્ટ ''રદ થયેલ ઉતરવહી માટેના ભાવ'' લખવું.

૫. ફોર્મ ભરેલ પાર્ટીએ પાન નંબર, જી.એસ.ટી., કામનું અનુભવ વગેરે તમામ આધારોની નકલ જોડવાની રહેશે.

૬. ઉતરવહી / પસ્તી યુનિવર્સિટી તરફથી જણાવવામાં આવતા જે–તે સ્થળેથી તથા જે–તે સ્થિતિમાં છે તે સ્થિતિમાંથી લેવાની રહેશે.



Scanned with OKEN Scanner

૭. ભાવ મંજુર થયા બાદ વર્ક ઓર્ડર થયેથી આપેલ સમયમર્યાદામાં ઉતરવહી / પસ્તી લઇ જવાની રહેશે અન્યથા નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

૮. વજન કરવા માટે વજન કાંટાની વ્યવસ્થા પાર્ટીએ કરવાની રહેશે અથવા પસ્તી લેવા માટે પાર્ટી આવે ત્યારે પસ્તીનું વજન વે – બ્રીજ ઉપર કરવામાં આવશે. જેમાં ખાલી ટ્રક/ટિમ્પો જે વાહન હોય તેનું પ્રથમ વજન કરવાનું રહેશે અને પસ્તી ભર્યા બાદ ફાઇનલ વજન થશે. આમ બન્ને વખતે યુનિવર્સિટીના જવાબદાર અધિકારીશ્રીની/કર્મચારીશ્રીની હાજરીમાં અને અધિકારીશ્રી દ્વારા નકિક કરવામાં આવે તે વે–બ્રિજ પર વજન કરાવવાનું રહેશે. પાર્ટીએ વજન કાંટો સાથે રાખવાનો રહેશે.

૯. ભાવ મંજુર થયેથી જે–તે પાર્ટીએ રૂા. ૧,૦૦,૦૦૦/– સીકયુરીટી ડીપોઝીટ જમા કરાવવાની રહેશે.

૧૦. વર્ક ઓર્ડર મુજબ કામગીરી કરનાર પાર્ટીએ સરકારના નિયમાનુસાર ઉતરવહી કે પસ્તીનો નિકાલ માવો બનાવવા માટે જ કરવાનો રહેશે અન્ય કોઇ ઉપયોગ કરવામાં નહિ આવે તે અંગેનું સ્ટેમ્પ પેપર પર એફિડેવીટ રજુ કરવાનું રહેશ. આ જમાં કરાવ્યા બાદ જ પસ્તી ઉપાડવાનું શરૂ કરવાનું રહેશ.

૧૧. ટ્રક/ટેમ્પામાં પસ્તી ભરી જે વજન થાય તેની થતી રકમ ટેન્ડરના ભાવ મુજબ ગાડી ઉપાડતા પહેલા યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે.

૧૨. ઉતરવહી/પસ્તી કચેરી સમય દરમ્યાન ઉપાડી લેવાની રહેશે. (ખાસઃ કચેરી સમય ઉપરાંત રાત્રીના મોડે સૂધી પસ્તી ઉપાડવાની કામગીરી કરવાની રહેશે નહી)

૧૩. યુનિવર્સિટીના અધિકારીશ્રી દ્વારા જે–જે સ્થળેથી પસ્તી ઉપાડવાનું જણાવવામાં આવે તે સ્થળેથી પસ્તી ઉપાડવાની રહેશે. ઉતરવહી/પસ્તી બુકચા/ કાપડમાંથી કાઢી ઉપાડવાની જવાબદારી જે–તે પાર્ટીની રહેશે અને તે માટેનાં સંપુર્ણ સાધનો/ મજુરોની વ્યવસ્થા જે–તે પાર્ટીએ જ કરવાની રહેશે.

૧૪. બુકચા/કાપડ કાઢી યુનિવર્સિટી ખાતે જમાં કરાવવાના રહેશે.બોક્ષ ફાઇલો ખાલી કરી કાગળ અલગથી કાઢવાના રહેશે.

૧૫. કરાર દરમ્યાન કામગીરી પડતી મુકવાના કિસ્સામાં ટેન્ડર અને સીકયુરીટી ડીપોઝીટ બન્ને જપ્ત કરવામાં આવશે.

૧૬. ટેન્ડરની સમય અવધી એક વર્ષ સુધીની રહેશે. કામગીરી યોગ્ય જણાતાં વધુ એક વર્ષની વધારાની સત્તા કચ્છ યુનિવર્સિટી પાસે રહેશે. પ્રત્યેક પ્રક્રિયા દરમ્યાન ટેન્ડર ડિપોઝીટ અલગ અલગ ચૂકવવાની રહેશે. કચ્છ યુનિવર્સિટી તરફથી વખતોવખતની સૂચના મુજબ પસ્તી નિકાલ માટે આવવાનું રહેશે.

૧૭. પાર્ટીએ પસ્તીનું એડવાન્સમાં ચૂકવણું નિકાલના દિવસે (તે દિવસે) કરવાનું રહેશે.

૧૮. ડિમાન્ડ ડ્રાફ્ટ/બેન્કમાં ચલણથી પસ્તીની રકમ ભરવાની રહેશે ત્યારબાદ જ પાર્ટી તમામ માલ લઇ જઇ શકશે.

૧૯. પસ્તી લેતી વખતે કચ્છ યુનિવર્સિટીની કોઇ સ્થાવર કે જંગમ મિલકત નુકશાન થશે તો તે ફરીથી યોગ્ય કરાવવાની સંપુર્ણ જવાબદારી પાર્ટીની રહેશે.

૨૦. આ પસ્તી લેવા આવનાર વ્યકતિઓને ખાસ સૂચના વાણી, વર્તન ના આચરણ પ્રત્યે સૂચના આપવાની રહેશે. કોઇપણ જાતનું અશોભનીય કે અવ્યહવારુ વર્તન ચલાવી લેવામાં આવશે નહી.

૨૧. આ અંગના કોઇપણ વિવાદ પરત્વે કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે. કોઇપણ સંજોગોમાં ન્યાયક્ષેત્ર ભુજ–કચ્છ રહેશે.

૨૨. બ્લેક લિસ્ટ થયેલ પાર્ટીઓ આ ટેન્ડર ભરી શકશે નહિ.

..............................

ટેન્ડર ભરનારની સહિ



Scanned with OKEN Scanner